સર્વ દીવાની નીચેથી માત્ર અંધારા મળે,
કોઈ પણ હો આંખ આંસુ તો ફક્ત ખારા મળે.

ક્યાં રહે છે કોઈ એનાથી ફરક પડતો નથી,
આ ધરા પર જીવનારા સર્વ વણઝારા મળે.

સાવ નિર્મોહી બની ના જાય તો એ થાય શું?
કોઈને જ્યારે બધા સંબંધ ગોઝારા મળે.

આપણે છુટ્ટા પડ્યા તો આપણું કોઈ નથી,
એ સગાવ્હાલા હવે તારા મળે – મારા મળે.

જિંદગી આખી બધા ઉલટાવવા એને મથે,
જે સહજ મિસ્કીન વહી જાતી જીવનધારા મળે.

◆

ઘર ગયું આખ્ખુંય વિખરાઈ અહમ હસતો રહ્યો,
વૃદ્ધ રઝળ્યા ઠોકરો ખાઈ અહમ હસતો રહ્યો.

દુઃખ રહ્યા બધ્ધે જ ચર્ચાઈ અહમ હસતો રહ્યો,
બાગ ચાલ્યો સાવ કરમાઈ અહમ હસતો રહ્યો.

સુખ ગયા સર્વસ્વ ઢોળાઈ અહમ હસતો રહ્યો,
ને ગયા સૌ સ્વપ્ન રોળાઈ અહમ હસતો રહ્યો.

એટલો માહિર જુઠ્ઠું બોલવામાં એ હતો,
લાગણી તરફડતી મુંઝાઈ અહમ હસતો રહ્યો.

જીવતે જીવત બધા સંબંધ લાશો થૈ ગયા,
ને ચિતા પર આગ ચંપાઈ અહમ હસતો રહ્યો.

કોઈનું ના કોઈ લાગે ક્યાં ભરોસો એ ગયો,
ખૂબ નિર્દોષતાય ખરડાઈ અહમ હસતો રહ્યો.

ને પછી કટકા કરીને ભાગ પાડ્યા સર્વના,
ને ગયા મા-બાપ વ્હેંચાઈ અહમ હસતો રહ્યો.

આમ તો બાળોતિયાનો છે બળેલો શું કહું?
તોય ના છૂટી અદેખાઈ અહમ હસતો રહ્યો.

તોરમાં આવી નિરંતર ભૂલ જે કરતો રહ્યો,
ભાગ્યના નામે ચઢાવાઈ અહમ હસતો રહ્યો.

કેટલું કોની કને શું બોલવું - દેખાડવું,
બ્હારથી જબ્બરનો બદલાઈ અહમ હસતો રહ્યો.

ઉડવું'તું આભમાં ને આભની ઈર્ષા ઘણી,
રોજ પોતામાં જ જકડાઈ અહમ હસતો રહ્યો.

છે હવે ઘરના બધાયે માણસો ખંડેર સમ,
ને પ્રવાસી જેમ ડોકાઈ અહમ હસતો રહ્યો.

◆

કશું સૂઝે નહીં એવી દશામાં જઈ ચઢે માણસ,
પછીથી હસ્તરેખાની દિશામાં જઈ ચઢે માણસ.

બચેલું સત્ત્વ જેવું હોય છે એને બચાવાને,
બની લાચાર પૂજામાં-કથામાં જઈ ચઢે માણસ.

જતા ના કોઈ પણ સમજાવવા એને કશુંયે પણ,
સફળતા જોઈને જ્યારે હવામાં જઈ ચઢે માણસ.

ભલે ઘરના જ દુ:ખને ભૂલવા કાયમ રહે પીતો,
બરાબર ઘર તરફ કાયમ નશામાં જઈ ચઢે માણસ.

પરિસ્થિતિ હશે મિસ્કીન કેવી કોઈ તો કલ્પો,
મદદ માટે સળગતા ઝાંઝવામાં જઈ ચઢે માણસ.

◆

સર્વને પૂછું છું રાજેશ વ્યાસ અસલી ક્યાં મળે?
બંધ આંખે શોધતો અજવાસ અસલી ક્યાં મળે?

જ્યાં અને ત્યાં એ હદે નકલી ચલણમાં છે હવે,
પૂછવું કોને હવે વિશ્વાસ અસલી ક્યાં મળે?

યંત્રવત લેવાય છે મુકાય છે જીવ્યા વગર,
એ અસલ ધબકાર, શ્વાસોચ્છ્વાસ અસલી ક્યાં મળે?

કેટલાં પીણાં છતાં સંતોષ ના સ્હેજે થતો,
સ્વાદ જે જળનો હતો એ પ્યાસ અસલી ક્યાં મળે?

આંખની સામે બને ઘટના અલગ મત સર્વના,
થાય ત્યાં સદીઓ જુનો ઇતિહાસ અસલી ક્યાં મળે?

◆

કાળજી લઈને બનાવ્યું એ જ ઘર તૂટી ગયું,
આજ લગ હરપળ સજાવ્યું એ જ ઘર તૂટી ગયું.

મારું સરનામું લખાવ્યું એ જ ઘર તૂટી ગયું,
હૂંફ ને હિંમત ગણાવ્યું એ જ ઘર તૂટી ગયું.

પ્રાણ રેડી ઝગમગાવ્યું એ જ ઘર તૂટી ગયું,
અંગ અડધું ઓળખાવ્યું એ જ ઘર તૂટી ગયું.

ને ઘરેઘર વાત એકે એક વિકૃત થૈ ગઈ,
મેં બધું જેને જણાવ્યું એ જ ઘર તૂટી ગયું.

કોણ મારું? મેં ગણી સર્વસ્વ જ્યાં અર્પણ કર્યું,
જ્યાં હૃદય મારું લુંટાવ્યું એ જ ઘર તૂટી ગયું.

એક હદ કરતાં વધુ વિશ્વાસ કાયમ જોખમી,
નાવની માફક ચલાવ્યું એ જ ઘર તૂટી ગયું.

શું હવે આ મન? ચલો દફનાવીએ કાં બાળીએ,
ઉમ્રભર જ્યાં મન મનાવ્યું એજ ઘર તૂટી ગયું.

◆

ક્યાં હૃદયને ખોલવું? કોની કને ફુરસદ?
રાખતા પ્રત્યેક સગપણ એક ચોક્કસ હદ.

ભાગ્યની પાસે ગજબની એક કાતર છે,
વેતરી નાખે બધું જે કંઈ વધે બેહદ.

ઓ અહમ ક્યારેક પડછાયોય તારો જો,
એ પછી નક્કી કરી જો તું જ તારું કદ.

કોઈ સુખ કે કોઈ દુઃખ રોકાયના ઝાઝું,
હા, રહે પખવાડિયું એ હોય સુદ કે વદ.

એ તરફ રાજેશ છે ને એ તરફ મિસ્કીન,
તંગ હમ્મેશા રહે છે શ્વાસની સરહદ.

◆

સાવ પરવશ થઈ દુઃખી જોવાની કાયમ જાત આ,
ભીખ આપીને નથી છૂટી જવાની વાત આ.

પ્રાણ પણ છૂટ્યો પરોઢે ભાગ્ય આ કેવું હશે?
જિંદગીભર રોજ લાગ્યું આખરી છે રાત આ.

તૂટલી બારી નથી કે ઢાંક પિછોડો કરું,
ક્યાં જઈને ઢાંકશું હે મન! બધા આઘાત આ.

આહથી તે વાહ સુધી છે ગઝલમય જિંદગી,
જે ગણો તે છે મળેલી ભાગ્યની સોગાત આ.

સ્માર્ટ મિસ્કીન હોત તો પણ ના પડત દુઃખમાં ફરક,
બોલવાથી – કે પ્રદર્શનથી કશું સમજાત ના.

◆

ગયા પસ્તીના ભાવે કિમતી પુસ્તક વડીલોના,
રહ્યા ના ક્યાંય કોઈ એક પણ સ્મારક વડીલોના.

નજર આ ઓશિયાળી યાદ કરતી વાર તહેવારે,
કયાં એ કારણે ઉન્નત રહ્યાં મસ્તક વડીલોના.

હવે ખંડેર જેવું ઠોકરો ખાતું જનારાની,
હતી રોનક ગજબ, જે ઘર હતું હસ્તક વડીલોના.

ઘણી વાતે અમે પણ ગાંઠતા-ગણકારતા ન્હોતા,
સહજ ઘરડા થતા ચાલ્યા, થયા ચાહક વડીલોના.

જીવનભર પાત્રતા મિસ્કીન કેળવવી પડે દિલથી,
ફકત ઉમ્મર વધે મળતા નથી કૈં હક વડીલોના.

બરબાદ થવા બેઠું છે આખુંય ઘર હવે,
પાગલ સમી, ઉદાસી ભરી છે નજર હવે.

વ્હાલા-સગા બધાય ફરી જાય છે તરત,
શું આપવી કે જાણવી કોઈ ખબર હવે.

કરવાને વાત શોધતા’તા કાલ તક બધા,
ઊભું અજાણ્યું સાવ બનીને નગર હવે.

હોતો નથી હું ઘરની જેમ દેહમાંય પણ,
સાચે જ શરૂ થઈ છે અસલની સફર હવે.

કલ્પો તમે જો તો જ હકીકત ખબર પડે,
વીતી રહી છે જિંદગી જીવ્યા વગર હવે.

બન્નેઉ એકબીજાથી મોઢા છુપાવતા,
આશા અને હું એક સરખા દર-બ-દર હવે.

મિસ્કીન ભાગ્યની મેં મજાકો ઘણી કરી,
લાગ્યા કરે છે એની થઈ છે અસર હવે.

◆

થઈ ગયું ભેંકાર ઘર સઘળા સ્વજન ચાલ્યાં ગયાં,
ભાવથી ભરપૂર એ ભોજન-ભજન ચાલ્યાં ગયાં.

મોતની જાણે પ્રતિક્ષા હોય કેવળ હરપળે,
ખોળિયાં ખોખા સમા ખાલી, જીવન ચાલ્યાં ગયાં.

પ્રેમથી ને સંપથી રહેતા હતા સાંકડમૂકડ,
ઘર કર્યાં મોટાં, ઉડીને દૂર મન ચાલ્યાં ગયાં.

રોજ કચવાતો – કકળતો જીવ જાગે રાતભર,
જોઈ ખુશ થાતા હતા જે એ સ્વપન ચાલ્યાં ગયાં.

કેટલા ટુકડા થયા છે કેટલા ઝઘડા પછી,
લાગતા'તા એક જે ધરતી – ગગન ચાલ્યાં ગયાં.

પારકી આંખે નિહાળું આજ બદલાતું બધું,
લાગતું ઉમ્મરની સંગાથે નયન ચાલ્યા ગયા.

લાગણી ઓથે બધા અંધાર કેવા ઝળહળ્યા,
પ્રાણથી પ્યારા ગણ્યા એ તો પરાયા નીકળ્યા.

થાય છે કે ઝેરના ક્યાંથી કટોરા થઈ ગયા,
આપણે સાકરની માફક દૂધ માનીને ભળ્યા.

એ કદી વરસ્યા નહીં ગાજ્યા નહીં ને તે છતાં,
આપણે આશા ભરેલી આંખ લઈને ટળવળ્યા.

આપણે કેવા હરખથી રોજ લૂંટાતા સતત,
એય આપણને જ જાણે શોધતા સામે મળ્યા.

ને ધકેલી રણ તરફ મિસ્કીન રઝળાવી ગયા,
નામ જેના શ્વાસમાં ઘૂંટયા, પળેપળ સાંકળ્યા.

કાલની ચિંતા નથી ના આજની પરવા હવે,
ડગમગાવી ક્યાં શકે છે કોઈ પણ અફવા હવે.

યાદમાં પણ કોઈ એવું ક્યાં રહ્યું છે એક પણ,
જે બધું છોડી અને આવી ચઢે મળવા હવે.

વાટ ઘર જોતું હતું તો સાંજ પણ સુંદર હતી,
માત્ર જાણે સૂર્ય ઊગે આંગણે ઢળવા હવે.

ના નથી નાસ્તિક થયો પણ એ હવે શ્રદ્ધા નથી,
લાગણીને છે અનુભવ એ હદે કડવા હવે.

એટલું જાણ્યું કે બનવા કાળ બનતું હર પળે,
મન નથી ઇચ્છાઓ કરતું કૈં જ પણ બનવા હવે.

આંખના કાંઠે ઘણા મિસ્કીન-રાજેશો મળે,
શું વધારું ભીડ ત્યાં જઈ સાંજના ફરવા હવે.

દૂધ છૂટી ગયું મા તણું જ્યારથી,
માત્ર આંસુ જ પીવા મળ્યા ત્યારથી.

થૈ ગયો વૃદ્ધ લાગું નકામો મને,
પીઠ ટેવાઈ ગઈતી સતત ભારથી.

રોશનીમાં થતાં પાપ જાણી ગયો,
બીક ના લાગતી કોઈ અંધારથી.

કૈંકને મુક્ત લાગ્યો પૂજાયો પછી,
હું ઉબાયો હતો એમ સંસારથી.

સર્વ માટીપગા, ના કશે ઝૂકવું,
લાભ લેતું જગત સર્વ લાચારથી.

◆

હોય મધરાતે જ જે રઝળી પડ્યા એ જાય ક્યાં,
જાતને પણ સાવ જે સૂના જડ્યા એ જાય ક્યાં?

માત્ર ઈશ્વરના ભરોસે સાવ ભૂખ્યા જઈ ચડ્યા,
દ્વાર ખખડાવ્યાં છતાં ના ઉઘડયાં એ જાય ક્યાં?

આખરી છેલ્લા વળાંકે શું હિસાબો માંડવા,
જિંદગીભર દાખલા ના આવડ્યા એ જાય ક્યાં?

એમને માટે અમસ્તો ખેલ મસ્તીનો હતો,
સોંસરા જેને અહીં રંગો ઉડ્યા એ જાય ક્યાં?

તેં તને મિસ્કીન ભલે ખંડિત કરી નાખ્યો પછી,
જેટલા પથ્થર તેં શ્રદ્ધાથી ઘડ્યા એ જાય ક્યાં?

કોઈએ જ્યાં હાથ છોડાવ્યો પછી,
કોઈને પણ યાદ ના આવ્યો પછી.

સર્વને માટે હું દોડ્યો ઉમ્રભર,
કોઈએ પળભર ન બોલાવ્યો પછી.

હું હતો જેનો સહારો એમણે,
મશ્કરીમાં ખૂબ રઝળાવ્યો પછી.

જે ભરોસે શ્વાસ ને ઉચ્છ્વાસ આ,
એ ભરોસે ખૂબ ભટકાવ્યો પછી.

વૃદ્ધ હું ને આ હૃદય બાળક સમું,
રોજ સમજાવી ઘરે લાવ્યો પછી.

હું મને પણ કામ ના આવ્યો કદી,
આંસુઓએ આમ સળગાવ્યો પછી.

◆